ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
SHREE SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, OPP. TIRUPATI PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

# મુખ્ય સેવિકાની પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પ્રશ્નો

1. ICDS કાર્યક્રમ કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે ? – માનવ સંસાધન વિકાસ
2. ICDS કાર્યક્રમની સૌપ્રથમ શરૂઆત કયારે થઈ હતી ? – 2nd Oct. 1975
3. ICDS કાર્યક્રમની શરૂઆત મહાત્મા ગાંધીજીની કેટલામી જન્મજયંતીના દિવસે શરૂ કરવામાં આવી હતી ? – 106 મી
4. ગુજરાતમાં ICDS કાર્યક્રમની શરૂઆત સૌપ્રથમ કયાંથી થઈ હતી ? – છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ ગામમાંથી
5. ICDS કોના માટે સંકલિત સેવાઓ આપે છે ?– છ વર્ષથી નાની ઉંમરના બાળકો, સગર્ભાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓ
6. સંકલિત બાળ વિકાસ યોજનાનું ચિહ્ન કયું છે ? – સૂર્ય
7. ICDSનું પૂરું નામ શું છે ? – Integrated Child Development Scheme (સંકલિત બાળ વિકાસ યોજના)
8. સંકલિત બાળ વિકાસ યોજનાના હેતુઓ કેટલા છે ? – 5 (પાંચ)
   (1) 0 થી 6 વર્ષના બાળકોના આરોગ્ય, પોષણ સ્તરમાં સુધારો.
   (2) બાળકોના શારીરિક, માનસિક અને સામાજીક વિકાસનો પાયો નાખવો.
   (3) બાળકોના વિકાસને પ્રોત્સાહન સંબંધિત વિભાગો વચ્ચે અસરકારક સંકલન અને અમલીકરણ.
   (4) મૃત્યુદર, કુપોષણ, બિમારી, શાળા છોડવાના દરમાં ઘટાડો.
   (5) માતાઓને પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ આપવું.
9. ICDS કુલ કેટલા પ્રકારની સેવા આપે છે. – 6 (છ)
   (1) પૂરક પોષણ + વૃદ્ધિ માપન (2) આરોગ્ય અને પોષણ સલાહ (3) સંદર્ભ સેવાઓ (4) આરોગ્ય તપાસ (5) રસીકરણ (6) પૂર્વ પ્રાથમિક શિક્ષણ
10. હાલમાં ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસના રાજ્ય કક્ષાના મંત્રી કોણ છે ? – વિભાવરીબેન દવે
11. બાળ વિકાસના કુલ કેટલા પાસા છે ? – 6 (છ)
   (1) શારીરીક (2) બૌદ્ધિક (3) સામાજીક (4) ભાવનાત્મક (5) ભાષાકીય (6) સર્જનાત્મક
12. બૌદ્ધિક વિકાસમાં કઈ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે ? – અંકજ્ઞાન, આકાર, કદ, સમયની સમજણ, વર્ગીકરણ, જિજ્ઞાસાવૃત્તિ
13. ભાષાકીય વિકાસમાં કઈ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે ? – સાંભળવું, બોલવું, વાતચીત કરવી, વર્ણન કરવું
14. ભાવનાત્મક વિકાસમાં કઈ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે ?
   – લાગણીનો અનુભવ, હાવભાવનો અર્થ, લાગણીની અભિવ્યક્તિ, એકબીજાની લાગણી સમજવાનું સામર્થ્ય
15. સામાજીક વિકાસમાં કઈ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે ? – વહેંચવું, ભેગા મળી પ્રવૃત્તિ કરવી, પોતાના વારાની રાહ જોવી
16. સર્જનાત્મક વિકાસમાં કઈ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે ?
   – કલ્પના કરવી, પોતાની મેળે વાર્તા અને ગીત બનાવા, કલા–કૌશલ્ય, સંગીત, નૃત્ય અને અન્ય આવડતો
17. બાળકના મગજનો 80% વિકાસ કયા સમયગાળા દરમિયાન થાય છે ? – જન્મથી લઈને છ વર્ષ સુધી
18. બાળક કેટલા વર્ષની ઉંમર દરમિયાન જમીન પર દોરેલા ગોળાકાર પર ચાલી શકે છે ? – 3 - 4 વર્ષની ઉંમર દરમિયાન
19. બાળક કેટલા વર્ષની ઉંમર દરમિયાન જમીન પર દોરેલી સીધી લીટી પર સમતુલન જાળવી પાછા પગે ચાલી શકે છે ?
   – 4 - 5 વર્ષની ઉંમર દરમિયાન
20. બાળક કેટલા વર્ષની ઉંમર સુધી જમીન પર દોરેલી વળાંકવાળી લીટી પર સમતુલન જાળવી ચાલી શકે છે ?
   – 5 - 6 વર્ષની ઉંમર દરમિયાન
21. વૃદ્ધિ એ કેવી પ્રક્રિયા છે ? – નિરક્ષણાત્મક, ગુણાત્મક અને માપન
22. બાળવિકાસના તબક્કા અનુસાર બાળક કઈ ઉંમરે અવાજની દિશામાં માથું ફેરવે છે તથા વસ્તુ પકડી શકે છે ? – 3 થી 6 માસે

www.iceonline.in | t.me/iceonlinerajkot | icerajkot | 93276-01110 ONLY WHATSAPP

23. બાળવિકાસના તબક્કા મુજબ 6 થી 12 માસે બાળક શું કરી શકે છે ?
– અંગુઠો અને આંગળીથી વસ્તુ ઉપાડી શકે, ટેકો લઈ બેસી શકે, જાતે બેઠા થઈ શકે, હાથ હલાવી આવજો વગેરે કરી શકે, પપ્પા–મમ્મી બોલી શકે.

24. બાળવિકાસના તબક્કા અનુસાર બાળક કઈ ઉંમરે જવાબમાં હસી શકે છે તથા રીબીન પકડી શકે છે ? – 0 થી 3 મહિના

25. બાળવિકાસના તબક્કા અનુસાર બાળક કઈ ઉંમરે ચાલી શકે, શબ્દો બોલી શકે તથા ઘરકામની નકલો કરી શકે છે ? – 1 થી 2 વર્ષે

24. બાળવિકાસના તબક્કા અનુસાર બાળક કઈ ઉંમરે જવાબમાં હસી શકે છે તથા રીબીન પકડી શકે છે ? – 0 થી 3 મહિના

25. બાળવિકાસના તબક્કા અનુસાર બાળક કઈ ઉંમરે ચાલી શકે, શબ્દો બોલી શકે તથા ઘરકામની નકલો કરી શકે છે ? – 1 થી 2 વર્ષે

26. બાળવિકાસના તબક્કા અનુસાર બાળક કઈ ઉંમરે જાતે જમી શકે, જોઈને સીધી લીટી દોરી શકે, જાતે હાથ ધોઈ શકે, એક રંગ પારખીને બોલી શકે છે ? – 2 થી 3 વર્ષે

27. ORS દ્રાવણ તૈયાર કરવા માટે એક પેકેટ માટે પાણીની માત્રા કેટલી લેવાની હોય છે ? – 1 લીટર

28. બાળકને ઝાડા શરૂ થતા જ ORS સાથે શાની ગોળી આપવાની ભલામણ કરવામાં આવી છે ? – ઝીંક

29. તંદુરસ્ત બાળકના વૃદ્ધિ વળાંકની રેખા આલેખમાં કયા રંગના પટ્ટામાં આવે છે ? – લીલા રંગના પટ્ટામાં, ઉપરની દિશા તરફ

30. જો બાળકનું વજન આલેખમાં પીળા રંગના પટ્ટામાં આવે તો બાળક કેવું વજન ધરાવે છે ? – ઓછું વજન

31. ગંભીર ઓછું વજન ધરાવતા બાળકની આલેખમાં વૃદ્ધિ રેખા કયા રંગના પટ્ટામાં આવે છે ? – લાલ રંગના પટ્ટામાં

32. જો આલેખમાં બાળકનો સતત 3 મહિના સુધી સીધી રેખામાં વૃદ્ધિ વળાંક આવે તો તે બાળક કેવું કહેવાય ? – જોખમી

33. જો બાળકનો સતત 3 મહિના સુધી નીચે તરફ જતો વૃદ્ધિ વળાંક આવે તો તે બાળક કેવું કહેવાય ? – અતિ જોખમી

34. વિકાસના સીમાચિહ્નો જે–તે સમય કરતાં 2-3 મહિના મોડા દેખાય તો તે કેવો વિકાસ કહેવાય ? – વિલંબિત વિકાસ

35. વિલંબિત વિકાસના કારણો કયા છે ? – આનુવંશિક, વાતાવરણ

36. સગર્ભાવસ્થાના છેલ્લા 3 માસ દરમિયાન સગર્ભાએ કઈ ગોળી લેવી જોઈએ ? – કેલ્શિયમ

37. સગર્ભાવસ્થા દરમિયાન લોહતત્ત્વની ઓછામાં ઓછી કેટલી ગોળીઓ લેવી જોઈએ ? – 100

38. સગર્ભાવસ્થાની શરૂઆતના 3 મહિના દરમિયાન સગર્ભાને કઈ ગોળી આપવી જોઈએ ? – ફોલિક એસિડ

39. સગર્ભાવસ્થા દરમિયાન ધનુરની રસી ક્યારે આપવી જોઈએ ?
– ચોથા કે છટ્ઠા મહિને પ્રથમ ડોઝ, પ્રસુતિની સંભવિત તારીખથી ઓછામાં ઓછા એક માસ પહેલા બીજો ડોઝ

40. સગર્ભાવસ્થામાં સગર્ભાનું કેટલું વજન વધવું જોઈએ ?
– છેલ્લા છ મહિના દરમિયાન દર મહિને ઓછામાં ઓછું એક કિલો વજન વધવું જોઈએ.

41. બાળકને સ્તનપાન ક્યારથી શરૂ કરવું જોઈએ ? – નવજાત શિશુના જન્મના 1 કલાકની અંદર

42. પ્રસૂતિ પછીના લગભગ 3 દિવસોમાં માતાને આવતું શરૂઆતનું પીળું ધાવણ શું કહેવાય છે ? – કોલસ્ટ્રોમ કે ખીરુ

43. આ કોલસ્ટ્રોમ બાળકને કયા રોગથી બચાવે છે ? – બાળકને વિવિધ ચેપ તથા બાળપણમાં થતા કમળાથી

44. માતાનું દૂધ બાળકને પૂરતુ છે કે નહિ તેની માતાને કેવી રીતે ખબર પડે છે ?
– દર મહિને બાળકનું ઓછામાં ઓછું 500 ગ્રામ વજન વધવું જોઈએ અને 24 કલાકમાં બાળક ઓછામાં ઓછું 6 થી 7 વખત પેશાબ કરે.

45. માતાએ બાળકને એક દિવસમાં ઓછામાં ઓછું કેટલી વખત સ્તનપાન કરાવવું જોઈએ ? – 8 થી 10 વખત

46. બાળકને 6 માસ સુધી શું આપવું જોઈએ ? – ફક્ત સ્તનપાન

47. બે ધાવણ વચ્ચે વધુમાં વધુ કેટલો સમયગાળો રાખવો જોઈએ ? – 3 કલાક

48. બાળકને ઉપરી આહાર આપવાની શરૂઆત ક્યારથી કરવી જોઈએ ? – જન્મથી 6 મહિના પૂર્ણ થાય ત્યારે

49. ઉપરી આહાર આપવાની સાથે બાળકને કેટલા વર્ષ સુધી સ્તનપાન કરાવવાનું ચાલું રાખવું જોઈએ ? – ઓછામાં ઓછા 2 વર્ષ સુધી

50. બાળકના વૃદ્ધિ અને વિકાસનો આધાર કોણ છે ? – માતા

51. બાળકને ઉપરી આહારમાં શક્તિવર્ધક કેવો આહાર આપવો જોઈએ ?
– અનાજ જેવા કે ભાત, ઘઉંની રોટલી, મકાઈ, જુવાર, બાજરી, બટેટા, ખાંડ, ગોળ, ઘી અને તેલ

52. બાળકના વૃદ્ધિ અને વિકાસ માટે કેવો આહાર આપવો જોઈએ ? – કઠોળ અને દાળ, દૂધ અને દૂધની બનાવટો, ઈંડા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

53. બાળકને રોગપ્રતિકારક શક્તિ માટે કેવો આહાર આપવો જોઈએ ?
– લીલા પાંદડાવાળા શાકભાજી જેમ કે પાલક, મેથી, તાંદળજો, ઘાટા લાલ તથા પીળા રંગના શાકભાજી અને ફળો જેવા કે ગાજર, પપૈયું, કેરી, સંતરા
54. લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઘટી જવાથી ઉત્પન્ન થતી પરિસ્થિતિને શું કહેવાય ? – એનીમીયા
55. 6 મહિનાથી 5 વર્ષ સુધીના બાળકોમાં સામાન્ય રીતે હિમોગ્લોબીનનું પ્રમાણ કેટલું હોવું જોઈએ ? – 11 ટકા
56. સગર્ભા તેમજ બાળકોમાં હિમોગ્લોબીનનું પ્રમાણ 7 ટકાથી ઓછું હોય તો શું કહેવાય ? – અતિગંભીર એનીમીયા
57. સગર્ભાવસ્થા દરમિયાન કેટલા ટકા કરતા ઓછું હિમોગ્લોબીનનું પ્રમાણ હોય તો માતા એનિમિક કહેવાય ?– 11% થી ઓછું
58. એનીમીયાના ઈલાજ માટે શું આપવામાં આવે છે ? – આયર્ન તથા ફોલિક એસિડ
59. બાળકના જન્મના કેટલા સમયની અંદર કરેલું વજન જન્મ સમયનું વજન કહેવાય ? – 24 કલાક
60. કિશોરીઓને લોહતત્ત્વની ગોળી આપવા માટે કયો દિવસ નક્કી કરવામાં આવ્યો છે ? – બુધવાર
61. પ્રસૂતિ કયા કરાવવાથી માતા–બાળકની સલામતી વધે છે ? – દવાખાનામાં જ
62. સગર્ભા સ્ત્રીને HIV પોઝીટીવ હોય તો બાળક... – બાળક HIV પોઝીટીવ પણ હોઈ શકે, નેગેટીવ પણ હોઈ શકે
63. પ્રસૂતિ પછી તરત બાળકને કયા રાખવાની ભલામણ કરાય છે ? – માતાના પડખામાં
64. બાળકને બોટલથી દૂધ આપવું જોઈએ કે કેમ ? – બાળકને બોટલથી દૂધ આપવાનું ટાળવું જોઈએ
65. સ્ત્રીએ પોતાએ ગર્ભ ધારણ કર્યો છે કે નહિ તે જાણવા લેબોરેટરીમાં શાની તપાસ કરાવી શકાય ? – પેશાબની તપાસ
66. બાળમૃત્યુ એટલે ? – જન્મથી એક વર્ષમાં થતું મરણ
67. માતામૃત્યુ એટલે ?
– કોઈ સગર્ભાનું સગર્ભાવસ્થા દરમિયાન કે પ્રસૂતિ પછી 42 દિવસ (છ અઠવાડિયા)ના ગાળામાં સગર્ભાવસ્થા કે પ્રસૂતિ સાથે સંકળાયેલ કારણોસર થતું મરણ
68. સગર્ભાવસ્થા દરમિયાન સગર્ભાને ભોજનમાં દૈનિક વધારાની કેટલી કેલરીની જરૂરિયાત રહે છે ? – 300 કેલરી
69. ઈ–મમતા એટલે ? – સગર્ભા અને બાળકોની નોંધણી માટેનું સોફ્ટવેર
70. તરૂણીનું બી.એમ.આઈ. 18.5 કરતા ઓછું હોય તો શું સૂચવે છે ? – કુપોષણ
71. તરૂણીનું બી.એમ.આઈ. 18.5 થી 25 સુધી હોય તો શું સૂચવે છે ? – તંદુરસ્ત
72. તરૂણીનું બી.એમ.આઈ. 25 થી 30 સુધી હોય તો શું સૂચવે છે ? – વધુ વજન
73. તરૂણીનું બી.એમ.આઈ. 30 થી વધુ હોય તો શું સૂચવે છે ? – મેદસ્વી/જાડાપણુ
74. કિશોરીદિવસ ક્યારે યોજાય છે ? – આંગણવાડી કેન્દ્ર ઉપર દર મહિને એકવાર
75. કિશોરાવસ્થા દરમિયાન છોકરીઓને માસિક આવવાની શરૂઆત ક્યારે થાય છે ? – 11-12 વર્ષની વયથી
76. સામાન્ય રીતે માસિક ચક્ર કેટલા દિવસનું હોય છે ? – 28 દિવસ
77. નિદર્શક ભોજન એટલે ?
– હોમ રાશનના બાલભોગમાંથી રાબ, લાડુ કે સુખડી બનાવી, 6 માસથી 3 વર્ષના બાળકને તેમના વાલીની હાજરીમાં આંગણવાડી પર અપાતું પ્રથમ ભોજન.
78. ત્રીજું ભોજન
– 3 થી 6 વર્ષના મધ્યમ અને અતિ કુપોષિત બાળકોને માતૃમંડળ દ્વારા દરરોજ ઘરે લઈ જવા અપાતો 50 ગ્રામનો લાડુ
79. આંગણવાડી કેન્દ્રને હાલમાં કયું નામ આપવામાં આવ્યું છે ? – નંદઘર
80. મિશન બલમ સુખમ કાર્યક્રમ હેઠળ જિલ્લા કક્ષાએ કયું કેન્દ્ર ચાલે છે ? – બાળ સંજીવની કેન્દ્ર (NRC)
81. આંગણવાડીમાં તબીબી સારવારની જરૂરિયાત સિવાયના કુપોષિત બાળકો માટે કયું કેન્દ્ર ચાલે છે ? – બાળ શક્તિમ કેન્દ્ર
82. આંગણવાડીમાં ચાલતું બાળ શક્તિમ કેન્દ્ર (વી.સી.એન.સી.) કેટલા દિવસનું સત્ર હોય છે ? – 15 દિવસ
83. તાલુકા કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓછી તબીબી સારવારની જરૂરિયાતવાળા કુપોષિત બાળકો માટે કયું કેન્દ્ર ચાલે છે ? – બાલ સેવા કેન્દ્ર (CMTC)
84. VCNC – The Village Child Nutrition Centre
CMTC – The Child Malnutrition Treatment Centre
NRC – Nutrition Rehabilitation Centre
85. બાળ સંજીવની કેન્દ્ર (NRC) કેટલા દિવસનું સત્ર હોય છે ? – 21 દિવસ
86. પૂર્વ પ્રાથમિક શિક્ષણ કોને આપવામાં આવે છે ? – 3 થી 6 વર્ષના બાળકો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

87. સંકલિત બાળવિકાસ યોજનાનો જિલ્લા કક્ષાએ વહીવટ કોણ કરે છે ? – પ્રોગ્રામ ઓફિસરશ્રી
88. સંકલિત બાળવિકાસ યોજનાનો તાલુકા કક્ષાએ વહીવટ કોણ કરે છે ? – સીડીપીઓ
89. શૈશાવસ્થા કયા સુધી ગણવામાં આવે છે ? – જન્મથી 2 વર્ષ સુધી
90. નવજાત શિશુ એટલે ? – જન્મથી 28 દિવસની ઉંમર સુધીનું બાળક
91. વૃદ્ધિએ કેટલા વર્ષ સુધી સીમિત પ્રક્રિયા છે ? – 18 વર્ષ
92. આંગણવાડી કાર્યકરને વિવિધ કાર્યોમાં નિયમિત રીતે કોણ મદદરૂપ થાય છે ? – મદદનીશ
93. પોતાના ઘટકની આંગણવાડીની અવારનવાર મુલાકાત લઈ સ્ટાફ મીટીંગ કોણ બોલાવે છે? – સીડીપીઓ
94. પોતાના ઘટકની આંગણવાડીને લગતા તમામ કન્ટીજન્સી ખર્ચ મેળવીને તેની વહેંચણી કોણ કરે છે ? – સીડીપીઓ
95. આંગણવાડી કાર્યકરને પોતાની કામગીરીને લગતા પ્રશ્નો અને અંગત પ્રશ્નોના નિવારણ માટે તેમને માર્ગદર્શન કોણ આપશે ? – મુખ્ય સેવિકા
96. મહિલા મંડળો સ્થાપવાની કામગીરી કોણ કરે છે ? – મુખ્ય સેવિકા
97. આંગણવાડીમાં અઠવાડિક સમયપત્રક પ્રમાણે પ્રવૃત્તિઓ થાય છે કે કેમ ? તેની ચકાસણી કોણ કરશે ? – મુખ્ય સેવિકા
98. આંગણવાડીમાં ખાદ્યસામગ્રીની સાફસફાઈ તેમજ સાચવણી કોણ રાખે છે ? – મદદનીશ
99. લોકસંપર્ક કરી યોજનાને અસરકારક બનાવવાનું કામ કોણ કરે છે ? – આંગણવાડી કાર્યકર
100. બાળકો, સગર્ભા અને માતાની નિયમિત આરોગ્ય તપાસ તથા સમયપત્રક પ્રમાણે રસીકરણનું કામ કોણ કરે છે ? – સ્ત્રી આરોગ્ય કાર્યકર
101. સંકલિત બાળ વિકાસ યોજના માટે ફાળવવામાં આવેલ દવાઓનો જથ્થો કોણ પહોંચાડે છે ? – જિલ્લા આરોગ્ય અધિકારી
102. ગામની દાયણોને તાલીમની વ્યવસ્થા કોણ કરે છે ? – તબીબી અધિકારી
103. સબ સેન્ટર પર આંગણવાડી કાર્યકરોને તેમના કાર્ય સંબંધી તાલીમની વ્યવસ્થા કોણ કરે છે ? – તબીબી અધિકારી
104. આંગણવાડી પર ખૂટતી દવાઓ સમયસર પહોંચી રહે છે કે કેમ ? તે જોવાનું કાર્ય કોનું છે ? – તબીબી અધિકારી
105. મુખ્ય સેવિકાની નોકરી જે પ્રકૃતિ માટે છે તે સરકારના કયા વિભાગ હેઠળ આવે છે ? – મહિલા અને બાળ વિકાસ વિભાગ
106. આંગણવાડી કાર્યકરે કેટલા સમયના અંતરે તેના વિસ્તારનો સર્વે કરવાનો હોય છે ? – દર વર્ષે
107. માતાને આરોગ્ય પોષણ શિક્ષણ આપવાનું કાર્ય કોણ કરે છે ? – આંગણવાડી કાર્યકર
108. રસીકરણમાં બાકી રહી ગયેલ બાળકોની વિગતો મેળવી બાળવિકાસ અધિકારીશ્રીને જાણ કરવાનું કાર્ય કોણ કરે છે ? – મુખ્ય સેવિકા
109. આંગણવાડી દ્વારા કોની કાળજી લેવાય છે ? – સગર્ભા અને ધાત્રી માતા, ફકત નાના બાળકો તથા કિશોરીઓ
110. કુલ કેટલી વસતીએ એક આંગણવાડી હોય છે ? – 1000ની વસતીએ
111. મુખ્યસેવિકા એટલે..... – આંગણવાડી કાર્યકારની ઉપરના સુપરવાઈઝર
112. આંગણવાડીમાં બાળકોને વાલીઓમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ વિશે જાગૃતિ લાવવા અને કુપોષણનું પ્રમાણ ઘટાડવા માટે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – બાલદિવસ
113. છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય વિષયક જાણકારી આપવા, મહિલાઓને બાળ જન્મ, સલામત માતૃત્ત્વ, રસીકરણ માટે કોની નિમણૂક કરવામાં આવે છે ? – સ્ત્રી આરોગ્ય સ્વયંસેવિકા આશા (ASHA)
114. ASHAનું Full Form ? – Accredited Social Health Activist
115. કોઈ વિચાર, માહિતી, જ્ઞાન કે અનુભવોને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી અસરકારક રીતે પહોંચાડવામાં આવે તેને શું કહેવામાં આવે છે ? – સંદેશાવ્યવહાર
116. સંદેશાવ્યવહારના કેટલા માધ્યમો છે ?
– ત્રણ (1) ઈલેક્ટ્રોનિક – ટી.વી., મોબાઈલ,ફેક્સ.. (2) લેખિત – પુસ્તક, હોર્ડિંગ્સ, પત્ર, ફોટોગ્રાફ (3) પરંપરાગત – નાટક, ભજન, ગરબા, ભવાઈ
117. સંદેશાવ્યવહારના મુખ્યત્વે કેટલા પ્રકાર છે ?
– બે (1) પોતાની સાથે થતો સંદેશાવ્યવહાર (2) બીજાની સાથે થતો સંદેશાવ્યવહાર
118. જે સંદેશાવ્યવહારમાં ભાષાનો ઉપયોગ થાય છે એટલે કે જે બોલીને કરવામાં આવે છે તેને કેવો સંદેશાવ્યવહાર કહેવાય ? – શાબ્દિક
119. જે સંદેશાવ્યવહાર હાવભાવ, ઈશારા, પહેરવેશ અને સ્પર્શ દ્વારા થાય તેને કેવો સંદેશાવ્યવહાર કહેવાય ? – અશાબ્દિક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

120. વકતા બોલે અને શ્રોતા ફકત સાંભળે તેને કેવો સંદેશા વ્યવહાર કહેવાય ?– એકમાર્ગીય સંદેશાવ્યવહાર (દા.ત. નેતાનું ભાષણ)
121. જે સંદેશામાં વકતા રજૂઆત કરે ત્યારે શ્રોતાને કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો જણાવી શકે તથા વચ્ચે વચ્ચે પોતાના વિચારો અને અનુભવો પણ પ્રસ્તુત કરી શકે તેને કેવો સંદેશાવ્યવહાર કહેવાય ? – દ્વિમાર્ગીય સંદેશાવ્યવહાર
122. સંદેશાવ્યવહારની પદ્ધતિઓ કેટલી છે ? – ત્રણ
123. સંદેશાવ્યવહારની વ્યક્તિ સાથે વપરાતી પદ્ધતિઓ કઈ છે ? – ગૃહ મુલાકાત, વાટાઘાટ કરવી, પરામર્શન, સમજણ આપવી
124. વ્યાખ્યાન, નિદર્શન, જૂથચર્ચા, ફિલ્ડ વિઝીટ, નિદર્શન કેમ્પ વગેરે સંદેશાવ્યવહારની કઈ પદ્ધતિઓ કહેવાય ? – જૂથ સાથે વપરાતી પદ્ધતિઓ
125. પ્રસિદ્ધ ઝુંબેશ તથા જાગૃતિ ઝુંબેશ સંદેશાવ્યવહારની કઈ પદ્ધતિ છે ? – સમુદાય સાથે વપરાતી પદ્ધતિ
126. એવો વિસ્તાર કે જ્યા ઘણા કુટુંબ/વસતી એક સાથે રહેતા હોય અને પોતાની રોજબરોજની જીવન જરૂરિયાતો પૂરી કરવા માટે એકબીજા પર આધારિત હોય, જે બંને માટે લાભદાયી હોય તેને શું કહેવાય ? – સમુદાય
127. સમુદાયના કેટલા પ્રકાર છે ? – ત્રણ (1) ગ્રામ્ય સમુદાય (2) શહેરી સમુદાય (3) આદિવાસી સમુદાય
128. આઈસીડીએસ કાર્યક્રમમાં આયોજન, અમલીકરણ, નિર્ણય પ્રક્રિયા અને દેખરેખના સમુદાય સક્રિય રીતે જોડાય કે જે તેમના સારા માટે છે તેને શું કહેવાય ? – સામુદાયિક ભાગીદારી
129. સામુદાયિક ભાગીદારી મેળવવાની પ્રત્યક્ષ પદ્ધતિઓ કઈ કઈ છે ? – ગૃહ મુલાકાત, મિટીંગ, જૂથ ચર્ચા, મેળો, ઝુંબેશ, પ્રદર્શન, રેલી
130. આંગણવાડીનું મકાન પૂરું પાડવાનું કામ સમુદાયના કયા સભ્ય કરે છે ? – ગ્રામ પંચાયત
131. સમુદાય પોતાના બાળકોને આંગણવાડી કેન્દ્રમાં મોકલે તે માટે પ્રોત્સાહિત કરવાનું કામ સમુદાયના કયા સભ્ય કરે છે ? – પ્રાથમિક શાળાના શિક્ષકો
132. ગૃહ મુલાકાત દરમિયાન અગ્રીમતાના ઘરોમાં ગ્રોથ ચાર્ટમાં લાલ કલરમાં આવતા બાળકોના ઘરની મુલાકાત અઠવાડિયે કેટલી વાર કરવી જરૂરી છે ? – એકવાર
133. ગૃહ મુલાકાત દરમિયાન અગ્રીમતાના ઘરોમાં ગ્રોથ ચાર્ટમાં પીળા રંગમાં આવતા બાળકોના ઘરની મુલાકાત કેટલા દિવસે કરવી જરૂરી છે ? – દર પંદર દિવસે એક વાર
134. ગૃહ મુલાકાત દરમિયાન અગ્રીમતાના ઘરોમાં ગ્રોથ ચાર્ટમાં લીલા રંગમાં આવતા બાળકોના ઘરની મુલાકાત કેટલા દિવસે કરવી જરૂરી છે ? – દર મહિને એક વાર
135. બીજાની તકલીફ, ભાવના, વિચાર અને પરિસ્થિતિ સમજીને અને પોતાના નિર્ણય પોતે લઈને, કાર્ય કરવા માટે મદદ કરવી તે કૌશલ્યને શું કહેવામાં આવે છે ? – સંપરામર્શન
136. મિશન ઈન્દ્રધનુષની શરૂઆત કયારે કરવામાં આવી છે ? – 25 ડિસેમ્બર, 2014 (અટલ બિહારી વાજપેઈ અને મદન મોહન માલવીયાના જન્મદિન અવસરે)
137. મિશન ઈન્દ્રધનુષ એટલે ? – 3 પ્રકારની રસી આપી તમામ બાળકોને રસીકરણ કરવાનું અભિયાન
138. મિશન ઈન્દ્રધનુષ હેઠળ કઈ 7 પ્રકારની રસી આપવામાં આવે છે ? – ખાસી, હિપેટાઈટીસ–B, ડિપ્થેરીયા, ક્ષય, ટિટેનસ(ધનુર), પોલિયો અને ઓરી
139. મમતા અભિયાનનો ઉદ્દેશ શું છે ? – માતા મૃત્યુદર તથા બાળ મૃત્યુદર ઘટાડવો
140. મમતા અભિયાન કયા ચાર ભાગમાં વહેંચાયેલ છે ? – મમતા દિવસ, મમતા મુલાકાત, મમતા સંદર્ભ, મમતા નોંધ
141. બાળકની જન્મજાત ખામી શોધવા અને તેની સારવાર માટે કઈ યોજના અમલી છે ? – અટલ સ્નેહ યોજના
142. અટલ સ્નેહ યોજનાનું પૂરું નામ ? – Screening of New Born for Enhancement of Health
143. સગર્ભાઓને પૂર્વપ્રસૂતિ સેવાઓ આપવા અને સગર્ભા તથા ધાત્રી માતાઓને પોષણ અને આરોગ્ય પૂરું પાડવા કયો દિવસ ઉજવવામાં આવે છે ? – વાત્સલ્ય દિવસ
144. આંગણવાડીમાં વાત્સલ્ય દિવસ કયારે ઉજવવામાં આવે છે ? – દર ચતુર્થ માસે – જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બરના કોઈપણ ગુરવારે
145. કિશોરીઓને પોષણ અને આરોગ્ય શિક્ષણ વિશે જાણકારી આપવા આંગણવાડીમાં કયો દિવસ ઉજવવામાં આવે છે ? – કિશોરી દિવસ
146. આંગણવાડીમાં કિશોરી દિવસ કયારે ઉજવાય છે ? – દર 3 મહિને
147. દિકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા કઈ યોજના અમલમાં છે ? – દિકરી યોજના
148. દિકરી યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ? – દિકરો ન હોય અને ફકત એક કે બે દિકરી હોય તેવા દંપતી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

149. દિકરી યોજના હેઠળ કેટલા રૂ.ની સહાય મળે છે ?
– દિકરો ન હોય અને ફક્ત એક દિકરી હોય તેવા દંપતિને રૂ. 6000 અને દિકરો ન હોય અને ફક્ત બે દિકરી હોય તેવા દંપતિને રૂ. 5000.

150. વિવિધ પ્રકારની હિંસાથી પીડિત મહિલાને તાત્કાલિક તમામ પ્રકારની સહાય કઈ યોજના હેઠળ પૂરી પાડવામાં આવે છે ?
– વન સ્ટોપ સેન્ટર 'સખી' યોજના

151. સરકાર દ્વારા ઘટતા જતા કન્યા જન્મદરને અટકાવવા તથા કન્યા શિક્ષણ પૂરું પાડવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?
– બેટી બચાવો બેટી પઢાવો

152. બેટી બચાવો બેટી પઢાવો યોજના રાજ્યના કુલ કેટલા જિલ્લામાં કાર્યરત છે ? – 9 જિલ્લા

153. આંગણવાડીમાં નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણનો વિકાસ કરવો તેમજ માતાઓમાં પાંડુરોગના ઘટાડા માટે કઈ યોજના અમલી છે ? – પોષણ સુધા યોજના (સ્પોટ ફીડિંગ પ્રોગ્રામ)

154. પોષણ સુધા યોજના રાજ્યના કુલ કેટલા જિલ્લામાં અમલમાં છે ? – 5 (દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા)

155. જનની સુરક્ષા યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ?
– 19 વર્ષથી વધારે ઉંમરની અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની BPL સગર્ભાઓ

156. જનની સુરક્ષા યોજના અંતર્ગત લાભાર્થી મહિલાઓને પ્રસૂતિ દીઠ કેટલા રૂપિયા મળે છે ? – 700/-

157. જનની સુરક્ષા યોજના અંતર્ગત પેટાકેન્દ્ર કે દવાખાનામાં સુવાવડ થઈ હોય તો રૂ. 700/-માં વાહનવ્યવહાર માટે કેટલા રૂ.ની સહાયનો સમાવેશ થાય છે ? – રૂ. 200 ગ્રામ્ય વિસ્તાર માટે તથા રૂ. 100 શહેરી વિસ્તાર માટે

158. જનની સુરક્ષા યોજનાનો લાભ કેટલા જીવિત બાળકોના જન્મ સુધી મળે છે ? – 2 જીવિત બાળકો

159. જનની સુરક્ષા યોજના અંતર્ગત લાભાર્થી મહિલાને સિઝેરીયન કરાવવામાં આવે તો કેટલા રૂ. મળે છે ? – 1500/-

160. ગરીબી રેખા નીચેની પ્રસૂતા માતાને માન્ય ખાનગી દવાખાનામાં વિનામૂલ્યે પ્રસૂતિ તથા તેને લગતી તમામ સેવાઓ કઈ યોજના હેઠળ મળે છે ? – ચિરંજીવી યોજના

161. કુટુંબ નિયોજનને એક મહત્ત્વના કેન્દ્ર તરીકે કઈ પંચવર્ષીય યોજનામાં મહત્ત્વ આપવામાં આવ્યું ? – ત્રીજી પંચવર્ષીય યોજના

162. વર્લ્ડ એઈડ્સ દિવસ કયારે ઉજવવામાં આવે છે ? – 1 ડિસેમ્બર

163. વિશ્વ પોષણ સપ્તાહ કાર્યક્રમ કયારે ઉજવાય છે ? – 1 થી 7 ડિસેમ્બર

164. વર્ષ 2018ના પોષણ સપ્તાહ કાર્યક્રમની થીમ શું હતી ? – Go Future with Food

165. પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાની શરૂઆત કયારે કરવામાં આવી હતી ? – 1 જાન્યુઆરી, 2017

166. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ કેટલા રૂ.ની સહાય આપવામાં આવે છે ? – રૂ. 5000

167. પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના અમલીકરણમાં ગુજરાતનો કયો જિલ્લો શ્રેષ્ઠ જાહેર થયેલ છે ? – ભરૂચ

168. પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ? – તમામ સગર્ભા તથા ધાત્રી માતાઓ

169. પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાની સહાય કેટલા હપ્તામાં ચૂકવવામાં આવે છે ?
– ત્રણ (1) રૂ. 1000/- આંગણવાડીમાં સગર્ભાવસ્થાની નોંધણી કરાવ્યે. (2) રૂ. 2000/- સગર્ભાવસ્થાના છ મહિના બાદ, ઓછામાં ઓછી એક પૂર્વ પ્રસૂતિ તપાસ. (3) રૂ. 2000/- બાળજન્મની નોંધણી કરાવવી તથા બાળ રસીકરણ કરાવ્યે.

170. કોઈપણ પ્રકારના વાહનની સુવિધા ન હોય અથવા 108ની વાન ગામ સુધી પહોંચી ન શકતી હોય ત્યારે જે વિસ્તારમાં સગર્ભા માતાને જરૂરના સમયે સંસ્થા સુધી લઈ જવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ? – મમતા ડોળી (પાલખી)

171. મમતા ડોળી (પાલખી) હેઠળ સગર્ભાને નજીકના આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડવા કોઈ પણ વ્યક્તિ અથવા વ્યક્તિઓને કેટલા રૂ. મળવાપાત્ર છે ? – રૂ. 200/-

172. સગર્ભાને પોષણક્ષમ આહાર પૂરો પાડવો અને તનાવમુક્ત પ્રસૂતિ કરવામાં સહાય કરવા માટે નક્કી કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સામુહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલમાં સરકાર દ્વારા શાની વ્યવસ્થા કરવામાં આવેલ છે ? – મમતા ઘર

173. મહિલાઓના વિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થા કે મહિલા કાર્યકરને સન્માનિત કરવા કયો એવોર્ડ અપાય છે ?
– મહિલા વિકાસ એવોર્ડ

174. મહિલા વિકાસ એવોર્ડ હેઠળ કેટલા રૂ.નો પુરસ્કાર અપાય છે ?
– સ્વૈચ્છિક સંસ્થાને રૂ. 1 લાખનો ચેક અને એવોર્ડ અને મહિલા કાર્યકરને રૂ. 50,000નો ચેક અને એવોર્ડ

175. કૌટુંબિક સમસ્યાગ્રસ્ત કોઈપણ મહિલાઓને કાઉન્સેલિંગ સેવા આપવા માટે કયું કેન્દ્ર કાર્યરત છે ? – કુટુંબ સલાહ કેન્દ્ર

176. માતા અને નવજાત શિશુને પ્રસૂતિ બાદ સરકારી સંસ્થામાંથી ઘરે મૂકવા કયા વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે ?
– ખિલખિલાટ


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

177. ગુજરાત સરકાર દ્વારા 'મોબાઈલ આંગણવાડી વાન' કયા હેતુ માટે શરૂ કરવામાં આવી છે ?
– અંતરિયાળ વિસ્તારના લોકોને પુરક પોષણ આપવા માટે

178. ગુજરાત રાજ્યની નવીન યોજના તરીકે કુલ કેટલી 'મોબાઈલ આંગણવાડી વાન' શરૂ કરવામાં આવી છે ? – 36

179. આ મોબાઈલ આંગણવાડી વાન દ્વારા કોને પૂરક પોષણ આપવામાં આવે છે ?
– NREGA યોજનાના લાભાર્થીઓ, અગરીયા સ્થળાંતર વર્કરના બાળકો, 6 મહિનાથી 6 વર્ષ સુધીના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓ

180. આંગણવાડીમાં આવતા 3 થી 6 વર્ષના બાળકોને માતૃમંડળ અને સખીમંડળ દ્વારા અઠવાડિયાના કયા દિવસોએ ઋતુ પ્રમાણે ફળ આપવામાં આવે છે ? – સોમવાર અને ગુરુવાર

181. દૂધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે વખત બાળકદીઠ કેટલું દૂધ આપવામાં આવે છે ?
– 100 ગ્રામ ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ ડબલ ટોન્ડ પેસ્યુરાઈઝ દૂધ

182. દૂધ સંજીવની યોજના અંતર્ગત કયા 6 આદિવાસી જિલ્લાની આંગણવાડીમાં દૂધ આપવામાં આવે છે ?
– બનાસકાંઠા, તાપી, નર્મદા, વડોદરા, દાહોદ, પંચમહાલ

183. સ્તનપાન મેળવતા બાળકો 6 મહિના પૂર્ણ કરે પછી તેમના સર્વાંગી વિકાસ માટે ઉપરી આહાર સમયસર ચાલુ કરાય તે માટે આંગણવાડીમાં કયો દિવસ ઉજવાય છે ? – અન્નપ્રાશન દિવસ

184. આંગણવાડીમાં અન્નપ્રાશન દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
– દર મહિનાના ચોથા શુક્રવારે બપોરે 12 થી 2 ની વચ્ચે

185. અન્નપ્રાશન શરૂ કરવા માટે કોને બાલભોગ આપવામાં આવે છે ?
– 6 થી 9 માસના બાળકો અને 9 માસથી 36 માસના અતિ ઓછા વજનવાળા બાળકો

186. ગુજરાત સરકાર દ્વારા 11 થી 18 વર્ષની કિશોરીઓ માટે કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?
– – સબલા :– રાજીવ ગાંધી સ્કીમ ફોર એમ્પાવરમેન્ટ ઓફ એડોલેશન્ટ ગર્લ્સ

187. સબલા યોજના ગુજરાતમાં કયારે અને કેટલા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી છે ?
– 30/9/2014ના રોજ 9 જિલ્લા (134 ઘટક) બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, નર્મદા, અમદાવાદ, જામનગર, જૂનાગઢ, નવસારીમાં

188. સબલા યોજનાનો હેતુ શું છે ?
– કિશોરીઓના સ્વવિકાસ અને સશક્તિકરણ, પોષણ અને આરોગ્ય સ્તર સુધારવા, કૌશલ્યવર્ધન અને જીવનલક્ષી તાલીમ આપવી, કુટુંબ કલ્યાણ, જાતીય આરોગ્ય અને બાળકોની કાળજી બાબતે સલાહ માર્ગદર્શન, સ્કૂલે ન જતી કિશોરીઓને ઔપચારિક – બિનઔપચારિક તાલીમ આપવી.

189. સબલા યોજના હેઠળ કિશોરીઓને 1 વર્ષમાં કેટલી આયર્નની ગોળી આપવામાં આવે છે ? – 100 ગોળી

190. ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના કયા વર્ષે શરૂ કરવામાં આવી ? – વર્ષ 2010-11માં દેશના 53 જિલ્લામાં

191. ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના ગુજરાતના કયા જિલ્લામાં અમલી છે ? – ભરૂચ અને પાટણ – બે જિલ્લામાં

192. ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના કયા હેતુ માટે શરૂ કરવામાં આવી છે ?
– કેન્દ્ર સરકાર દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓ તથા તેમના નવજાત શિશુઓના આરોગ્ય અને પોષણની સ્થિતિમાં સુધારો લાવવા માટે

193. ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના લક્ષિત લાભાર્થીઓ કોણ છે ?
– સગર્ભા અને બાળકોને સ્તનપાન કરાવતી 19 વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને બે જીવિત બાળકો સુધી જ લાભ મળવાપાત્ર છે.

194. ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના હેઠળ લાભાર્થીને કુલ કેટલી સહાય આપવામાં આવે છે ?
– 6000/-, પ્રથમ હપ્તો રૂ. 3000/- સગર્ભાવસ્થાના 6 મહિના પૂર્ણ થયા બાદ, બીજો હપ્તો રૂ. 3000/- બાળકના જન્મના 6 મહિનાના અંતે ચૂકવવામાં આવે છે.

195. ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના હેઠળ લાભાર્થીએ સહાય મેળવવા કઈ શરતો પરિપૂર્ણ કરેલી હોવી જોઈએ ?
– સગર્ભા બહેનોએ સગર્ભાવસ્થાના 4 મહિનાની અંદર આંગણવાડીમાં નોંધણી કરાવવી.
– સગર્ભાએ બે સલાહ સત્રોમાં હાજરી તથા આયર્નની ગોળી, ધનુરની રસી લેવી.
– બાળ જન્મ નોંધણી કરાવવી.
– બાળકને બીસીજી, પેન્ટાવેલેન્ટ – 1,2,3 તથા પોલીયોની રસી આપવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– બાળ જન્મ પછીના ત્રણ માસમાં માતાએ ઓછામાં ઓછા ત્રણ વખત વૃદ્ધિ દેખરેખ તથા બાળકને સ્તનપાન કરાવવાના સત્રમાં હાજરી આપેલ હોવી જોઈએ.

196. આંગણવાડી કાર્યકર તથા તેડાગરને તેમની ખૂબ જ સારી કામગીરી માટે કયો એવોર્ડ અપાય છે ? – માતા યશોદા એવોર્ડ

197. માતા યશોદા એવોર્ડની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી ? – 2007-08માં નરેન્દ્રમોદી દ્વારા

198. આ એવોર્ડ હેઠળ કેટલી રકમનું ઈનામ તથા પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
– ગુજરાતમાં પ્રથમ આવનાર કાર્યકરને 51,000/- તથા તેડાગરને 31,000/-
– જિલ્લામાં પ્રથમ આવનાર કાર્યકરને 31,000/- તથા તેડાગરને 21,000/-
– ઘટક કક્ષાએ પ્રથમ આવનાર કાર્યકરને 21,000/- તથા તેડાગરને 11,000/-

199. આંગણવાડી કાર્યકર તથા તેડાગરને સામાજીક સલામતી પૂરી પાડવાના હેતુસર કયુ વીમાકવચ પૂરું પાડવામાં આવે છે ?
– માતા યશોદા ગૌરવ નીધી યોજના

200. માતા યશોદા ગૌરવ નીધી વીમા યોજના કયારથી અમલમાં આવી છે ? – મે 2009 થી

201. આ યોજના હેઠળ આંગણવાડી વર્કર તથા તેડાગરના દર માસે કેટલા રૂપિયા પ્રીમિયમ તરીકે ભરવામાં આવે છે ?
– 100 રૂ. (રૂ. 50/- આંગણવાડી વર્કર તથા તેડાગર તરફથી તથા રૂ. 50/- રાજ્ય સરકાર દ્વારા)

202. આ વીમાકવચ હેઠળ પાકતી મુદત અથવા આંગણવાડી કાર્યકર તથા તેડાગરના મૃત્યુના કિસ્સામાં વારસદારને કેટલા રૂપિયા ચૂકવવામાં આવે છે ? – રૂ. 50,000/- પૂરા 8% વ્યાજ સાથે

203. બાલિકા સમૃદ્ધિ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ?
– ગરીબી રેખા નીચેના કુટુંબની 15 ઓગસ્ટ 1997 બાદ જન્મેલી બાલિકાઓને

204. ભારત સરકાર દ્વારા આ યોજના કયા વર્ષે બંધ કરવામાં આવી હતી ?
– 2006-07 (પરંતુ ગુજરાત રાજ્ય સરકારે આ યોજના ચાલુ રાખી છે)

205. આ યોજના અંતર્ગત બાલિકાઓને જન્મોતર અનુદાન પેટે કેટલા રૂપિયા આપવામાં આવે છે ?
– રૂ. 500/-, ધો. 1 થી 10ના અભ્યાસ દરમિયાન દરેક વર્ષે સફળતાપૂર્વક પૂર્ણ કર્યેથી રૂ. 300/- થી રૂ. 1000/- સુધીની શિષ્યવૃત્તિ

206. 3 થી 6 વર્ષના બાળકોને અઠવાડિયામાં બે વખત દૂધ કઈ યોજના હેઠળ આપવામાં આવે છે ? – દૂધ સંજીવની યોજના

207. સને 2005માં માતા મૃત્યુદર ઓછો કરવા માટે કઈ યોજના શરૂ કરવામાં આવી છે ? – ચિરંજીવી યોજના

208. રતાંધણાપણાનો બચાવ કયા રંગના ફળોથી થાય છે ? – પીળા અને કેસરી રંગના ફળો

209. સગર્ભા અને ધાત્રી માતાઓને લોહતત્ત્વની ગોળીઓ વહેંચશે તેમજ નાના બાળકોને સમયસર વિટામિન–એનું દ્રાવણ કોણ આપશે ? – સ્ત્રી આરોગ્ય કાર્યકર

210. સરકાર દ્વારા ચાલતા કાર્યક્રમમાં વિટામિન–એ બાય એન્યુઅલ રાઉન્ડ વર્ષમાં કયા મહિનાઓમાં આપવામાં આવે છે ?
– ફેબ્રુઆરી અને ઓગસ્ટ

211. બાળકોના યોગ્ય વૃદ્ધિ, વિકાસ તેમજ રોગપ્રતિકારક શક્તિને વધુ મજબૂત બનાવવા માટે કયું વિટામિન ખૂબ જ જરૂરી છે ?
– વિટામિન–એ

212. બાળકોમાં વિટામિન–એની ઉણપ હોય તો શું થાય છે ?
– ચેપી રોગનું જોખમ વધી જાય, ઓરી ઝાડાને કારણે થતા મૃત્યુનું જોખમ વધી જાય, બાળકનો વિકાસ મંદ થઈ જાય, સૌથી વધુ અસર આંખોને થાય, રતાંધણાપણું થાય છે.

213. આ એક એવી તબીબી પરિસ્થિતિ છે જેમાં આંખો આંસુનું નિર્માણ બંધ કરી દે છે જે પરિસ્થિતિનું નિર્માણ વિટામિન–એની ગંભીર ખામીના કારણે થાય છે તેને શું કહેવાય ? – ઝેરોપ્થોલમીયા

214. વિટામિન–એથી સમૃદ્ધ સ્ત્રોત કયા છે ?
– લાલ તેમજ પીળા ફળો અને ઘટ્ટ લીલી ભાજી, ઈંડાનો પીળો ભાગ, ફોર્ટીફાઈડ તેલ અને ઘી, માખણ વગેરે

215. કૃમિનાશક માટે કઈ દવા આપવામાં આવે છે ? – આલ્બેન્ડોઝોલ

216. મેલેરીયાના તાવ માટે સામાન્ય રીતે કઈ ગોળી વપરાય છે ? – ક્લોરોક્વીન

217. કોલેરાના જંતુને શું કહેવાય છે ? – કોલેરા વિબ્રીયો

218. કંઠમાળ(ગોઈટર) કયા પોષક તત્ત્વની ઉણપથી થતો રોગ છે ? – આયોડીન

219. આયોડીન શા માટે જરૂરી છે ? – શરીર તથા મગજ બંનેના યોગ્ય વૃદ્ધિ, વિકાસ અને સંચાલન માટે

220. બાળ 'ક્રેટિન'(ઠીંગણું) કેમ રહી જાય છે ? – માતાના શરીરમાં આયોડીનની ખૂબ જ ઉણપ હોય તો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

221. સામાન્ય સંજોગોમાં વ્યક્તિને સરેરાશ કેટલું આયોડીન જોઈએ ? – 150 માઈક્રો ગ્રામ
222. આયોડીનની ઉણપથી કયો રોગ થાય છે ? – હાઈપોથાઈરીડીઝમ
223. બાળકોમાં રસીકરણ કયા રોગો સામે રક્ષણ આપે છે ?
– 8 પ્રકારના જીવલેણ રોગો જેવા કે ટીબી, ધનુર, ઉંટાટીયો, ડિપ્થેરીયા, પોલીયો, ઓરી, ઈન્ફલુએન્ઝા અને હિપેટાઈટીસ – બી
224. પેન્ટાવેલેન્ટ(પંચગુણી) રસી એટલે શું ?
– પાંચ ગુણવાળી, પાંચ રોગોથી બચાવતી રસી (ડિપ્થેરીયા, ઉંટાટીયો, ધનુર, ઈન્ફલુએન્ઝા, હિપેટાઈટીસ – બી)
225. પંચગુણી રસીની ટેગલાઈન/સ્લોગન શું છે ? – યોગ્ય સમયે, યોગ્ય રસી, તંદુરસ્ત જીવનનું વરદાન છે.
226. બાળકને પેન્ટાવેલેન્ટ રસી તથા પોલીયોના ટીપા ક્યારે આપવામાં આવે છે ?
– પ્રથમ ડોઝ છ અઠવાડિયા(દોઢ માસ)ની ઉંમરે
– બીજો ડોઝ દસ અઠવાડિયા(અઢી માસ)ની ઉંમરે
– ત્રીજો ડોઝ ચૌદ અઠવાડિયા(સાડા ત્રણ માસ)ની ઉંમરે
227. બાળકને પહેલી રસી કઈ અને ક્યારે મૂકવામાં આવે છે ?
– જન્મ બાદ તુરંત જ, બીસીજી-0, પોલિયો અને હિપેટાઈટીસ બી-0 ની રસી
228. નવ મહિને બાળકને કઈ રસી આપવામાં આવે છે ? – ઓરી તથા વિટામિન–એનો પ્રથમ ડોઝ
229. બાળકને કઈ ઉંમરથી વિટામિન–એનો પૂરક ડોઝ આપવો જોઈએ ?
– 9 માસથી 5 વર્ષના તમામ બાળકને દર 6 મહિનાના અંતરે
230. બાળકને ઝેરી કમળાની રસી ક્યારે આપવી જોઈએ ? – જન્મ સમયે અને જન્મના 24 કલાકમાં
231. જન્મ સમયે બાળકનું વજન ઓછામાં ઓછું કેટલા કિગ્રા હોવું જોઈએ ? – 2.500 કિગ્રા
232. નવજાતશિશુ કોને કહેવાય ? – જન્મથી 28 દિવસ સુધીની ઉંમરનું બાળક
233. વિટામિન $D_3$ શામાંથી મળે છે ? – સૂર્યપ્રકાશમાંથી
234. સ્ત્રીઓમાં અંડ(સ્ત્રીબીજ) ક્યારે બને છે ? – જન્મથી જ સ્ત્રીબીજ સ્ત્રીના શરીરમાં હોય છે
235. શરીરમાં કેલ્શિયમનું શોષણ થવા માટે કયું સુક્ષ્મ પોષકતત્ત્વ જરૂરી છે ? – વિટામિન–ડી
236. સારા સ્વાસ્થ્ય માટે કેવા ખોરાકની ભલામણ કરાય છે ? – રેસાયુક્ત
237. પીવાના પાણીમાં ક્લોરીન શા માટે વાપરવામાં આવે છે ? – પાણીના શુદ્ધિકરણ માટે
238. હિમોગ્લોબીનનું શરીરમાં શું કાર્ય છે ? – શરીરના કોષોને ઓક્સિજન પહોંચાડવાનું
239. હાથ બરાબર ધોયા વગર જમવાથી સામાન્યત: શું થવાનો ભય રહે છે ? – ઝાડા
240. ટીબી રોગના પરીક્ષણમાં શાની તપાસ કરવામાં આવે છે ? – ગળફાની તપાસ
241. ડેન્ગ્યુ મચ્છર કયા પાણીમાં ઉછરે છે ? – ચોખ્ખા પાણીમાં
242. હૃદયના ધબકારાને નિયંત્રિત કરવા કયું ખનીજતત્ત્વ જરૂરી છે ? – પોટેશિયમ
243. નખ શેના બનેલા હોય છે ? – કેરોટીન
244. ચામડીનો રંગ શેના પર આધારિત છે ? – મેલેનીન
245. માતા અને બાળકને અપાતી રસીના કાર્ડને શું કહેવાય ? – મમતા કાર્ડ
246. કયા વિટામિનને ફ્રેશફૂડ વિટામિન કહેવાય છે ? – વિટામિન–સી
247. ગાયના દૂધમાં ઊંચા પ્રમાણમાં કયું વિટામિન હોય છે ? – વિટામિન કે
248. જ્યારે માતાને HIV પોઝીટીવ હોય ત્યારે તેના નવજાત શિશુને કઈ દવા આપવામાં આવે છે ? – નેવીરેપીન
249. વિશ્વ રસીકરણ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 10 નવેમ્બર
250. શાળા આરોગ્ય સપ્તાહ કાર્યક્રમમાં ત્રીજા દિવસે બાળ તંદુરસ્ત હરિફાઈ કોના દ્વારા યોજાય છે ? – આંગણવાડી કાર્યકર
251. શાળા આરોગ્ય સપ્તાહ કાર્યક્રમમાં કયા દિવસો ઉજવાય છે ?
– પ્રથમ દિવસ :– સ્વચ્છતા દિવસ
– બીજો દિવસ :– આરોગ્ય તપાસ
– ત્રીજો દિવસ :– પોષણ દિવસ
– ચોથો દિવસ :– તબીબી તપાસ
– પાચમો દિવસ :– સાંસ્કૃતિક તપાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

252. તંદુરસ્ત વ્યક્તિ સામાન્ય રીતે દર કેટલા માસે રકતદાન કરી શકે ? – દર ચાર મહિને
253. ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરપર્સન કોણ છે ? – લીલાબેન આંકોલીયા
254. બાળકને કઈ પ્રવૃત્તિ કરાવવાથી બાળકના નાના સ્નાયુઓનો વિકાસ થાય છે ? – ફાડકામ
255. આંગણવાડીમાં લાભાર્થીઓને કેટલા દિવસ પૂરક પોષણ પૂરું પાડવામાં આવે છે ? – 300 દિવસ
256. જો પાણીમાં ફ્લોરાઈડની માત્રા વધુ હોય તો ત્યાં કયા રોગનું પ્રમાણ વધારે રહે છે ? – ફ્લોરોસીસ
257. ઘામાંથી વહેતા લોહીની જામી જવાની ક્રિયા માટે કયું વિટામિન ઉપયોગી છે ? – વિટામિન–કે
258. લોહતત્ત્વના પાચન અને શોષણ માટે કયું વિટામિન મદદરૂપ છે ? – વિટામિન–સી
259. ધાત્રી માતાઓમાં દૂધ બનવા માટે કયું ખનીજતત્ત્વ જરૂરી છે ? – કેલ્શિયમ
260. આપણા શરીરનો કેટલા ટકા ભાગ પાણીનો આવેલ છે ? – 70%
261. સગર્ભા મહિલાને દૈનિક કેટલા ટકા પ્રોટીનની વધારાની જરૂરિયાત રહે છે ? – 14%
262. સગર્ભા મહિલાને દૈનિક કેટલા ટકા કેલ્શિયમની વધારાની જરૂરિયાત રહે છે ? – 1000 મિલીગ્રામ
263. જોખમી સગર્ભા કોને કહેવાય ?
– (1) 18 વર્ષથી નીચે અને 35 વર્ષથી ઉપરની ઉંમર (2) 145 સે.મી. કરતા ઓછી ઊંચાઈ (3) 42 કિગ્રા કરતાં ઓછું વજન (4) તીવ્ર પાંડુરોગવાળી સ્ત્રી (5) જોડિયા બાળકો હોય.
264. આયોડીનની ઉણપના પર્યાવરણમાં ઉછરતા બાળકોનો બુદ્ધિઆંક લગભગ કેટલા પોઈન્ટ ઓછો હોય છે ? – 13
265. વિટામિન–Cની ઉણપથી કયો રોગ થાય છે ? – સ્કર્વી
266. વિટામિન–$B_3$ની ઉણપથી કયો રોગ થાય છે ? – પેલાગ્રા
267. પ્રોટીનની ઉણપથી કયો રોગ થાય છે ? – ક્વોશ્યોકોર
268. દૂધમાં કયા પોષકતત્ત્વનો અભાવ હોય છે ? – લોહતત્ત્વ
269. આયોડીનમુક્ત મીઠામાં ઉત્પાદન સમય વખતે કેટલું આયોડીન હોવું જોઈએ ? – 30 ppm
270. IDDનું પૂરું નામ ? – આયોડીન ડેફીસીયન્સી ડીસઓર્ડર
271. પ્રોટીનનો બંધારણીય ઘટક કયો છે ? – એમીનો એસિડ
272. AIIMSનું પૂરું નામ શું છે ? – All India Institute of Medical Sciences
273. કયો રોગ 'શાહી રોગ' તરીકે ઓળખાય છે ? – હિમોફિલીયા
274. મા વાત્સલ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ્ મા યોજનાના લાભાર્થીઓ કોણ છે ? – ગરીબ તથા મધ્યમ વર્ગના પીડિતો
275. મા વાત્સલ્ય યોજનામાં એક કુટુંબના કેટલા વ્યક્તિનો સમાવેશ થાય છે ? – 5 + 1 નવજાત શિશુ (ત્રણ વર્ષ સુધી)
276. બાળકોના હોઠ પર ખામી હોય છે જેના લીધે તે વ્યવસ્થિત બોલી શકતા નથી જેના ઈલાજ માટે કઈ યોજના અમલમાં છે ?
– કલેફટલીપ અને કલેફટપેલેટ યોજના
277. કલેફટલીપ અને કલેફટપેલેટ યોજના કયારથી શરૂ કરવામાં આવી છે ? – 07-04-2015થી
278. ગુજરાત રાજ્ય મહિલા આયોગની સ્થાપના કયારે કરવામાં આવી ? – 2005

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ALL THE BEST